**(સને ૧૯૭૩ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૫ મુજબનો ચુકાદો)**
**અમદાવાદના એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૧૮, અમદાવાદ**

(અ) કેસ નંબર:- ૫૦૬૧૮/૧૯

(બ) ગુન્હો બન્યાની તારીખ:-

(ક) ફરિયાદીનું નામ:- :સરકાર

(ડ) આરોપીનું નામ/ સરનામું :- નાનજીભાઈ જીવાભાઈ

(ઈ) ફરિયાદીમાંનો આરોપી અથવા સાબિત :- ઈ.પી.કો કલમ – ૨૭૯, એમવી એકટ
થયેલો આરોપ. ૧૭૭, ૧૮૪, ૧૩૪ બી મુજબ

(ફ) આરોપીનો જવાબ અને તપાસણી :-

સવાલ:- તમો આંક ૧ મુજબનો આક્ષેપિત ગુન્હો કબુલ કરો છો કે તમારે બચાવ કરવો છે?

જવાબ:- ગુન્હો કબુલ છે.

આરોપીની સહી..............................

અમદાવાદ. મારી રૂબરૂ
તા. ૧૩/૭/૨૦૧૯

એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૮, અમદાવાદ.

૧. આ કામમાં પો.સ્ટે. ધ્વારા આરોપી વિરૂધ્ધ ધી ઈ.પી.કો.ક.૨૭૯,૩૩૭ તથા એમ.વી.એકટ કલમ. ૧૭૭–૧૮૪–૧૩૪(બી) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ ક.૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરશીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ મધ્યમ વર્ગના માણસ છે અને તેઓને દરમુદતે કોર્ટ સમક્ષ હાજર રહે તો ખૂબ જ આર્થિક નુકશાન થાય તેમ છે તેમ જણાવે છે તથા ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો ફરીથી નહીં કરવાની ખાતરી આપે છે અને દયા કરવા જણાવેલ છે.એ.પી.પી.શ્રીએ કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

## હુ ક મ

ક્રિ.પ્રો.કોડની ક.૨૫૨ અન્વયે આરોપીને ઈ.પી.કોડની કલમ ૨૭૯, તથા એમ.વી.એકટ કલમ. ૧૭૭–૧૮૪–૧૩૪(બી) મુજબના ગુના માટે કસુરવાર ઠરાવી એકત્રિતપણે તમામ ગુના માટે કુલ રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા)નો દંડ ભરવા હુકમ કરુ છું. દંડ ના ભરે તો ૨(બે) મહીનાની સાદી કેદની સજા ભોગવવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચીને સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.<br>
તા. ૧૩/૭/૧૯

( એચ.એસ.પટેલ )<br>
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>
કોર્ટ નંબર ૧૮,અમદાવાદ.<br>
( UIC NO. GJ00969 )